# પરિપત્ર

ડિજિટલ ગુજરાત પોર્ટલ

અગત્યનું/સમયમર્યાદા

નં.સકઅ/વિજાક/શિક્ષણ/૧૯-૨૦/ ૧૧૨૦થી ૪૭૧

જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી(વિ.જા.)
૪૧૧, ચોથો માળ, જીલ્લા સેવાસદન,
બોરસદ ચોકડી પાસે, આણંદ, જી.આણંદ.
ફોન: ૦૨૬૯૨ ૨૬૪૪૧૩

તા: ૧૧/૦૪/૨૦૧૯

પ્રતિ,

આચાર્યશ્રી,

સરકારી/અનુદાનિત પ્રાથમિક /માધ્યમિક શાળા,

અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળા તમામ.

વિષય:-Digital Gujarat Portalપર પ્રિમેટ્રીક શિષ્યવૃતિ/ગણવેશ સહાય યોજનાના અમલ બાબત (વર્ષ ૨૦૧૯-૨૦) (Website: https://www.digitalgujarat.gov.in)

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે રાજ્ય સરકાર/ભારત સરકારશ્રીની યોજનાઓ અંતર્ગત લાભાર્થી/વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ/સહાયનો લાભ સીધા તેઓના બેંક ખાતામાં એક જ જગ્યાએથી ડાયરેકટ બેનીફીટ ટ્રાન્સફર (D.B.T.)થીચુકવી શકાય તે હેતુ થી રાજ્ય સરકારશ્રીદ્વારા Digital Gujarat Portalડેવલોપ કરવામાં આવેલ છે. છેલ્લા બે વર્ષથી શાળાના આચાર્યશ્રીઓના સહકારથી ઉક્ત પોર્ટલ મારફત વિદ્યાર્થીઓની ઓનલાઇન દરખાસ્તો મંગાવી શિષ્યવૃતિ/ગણવેશ સહાય યોજનાઓની કામગીરી કરવામાં આવે છે.

ડિજિટલ ગુજરાત પોર્ટલમાં હાલ વિકસતી જાતિ કલ્યાણ ખાતાની આ સાથેના પત્રક-અ મુજબની રાજ્ય સરકાર / ભારત સરકારશ્રીની પ્રિમેટ્રીક શિષ્યવૃતિ / ગણવેશ સહાય યોજનાઓનો સમાવેશ કરવામાં આવેલ છે. અગાઉના વર્ષે જે રીતે રાજ્ય સરકાર/ભારત સરકારશ્રીની શિષ્યવૃતિ/ગણવેશ સહાય યોજનાઓનો અમલ ડિજિટલ ગુજરાત પોર્ટલ પર કરવામાં આવેલ હતો તે જ રીતે ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦માં અમલ કરવાનો થાય છે. ચાલુ વર્ષે ડિજિટલ ગુજરાત પોર્ટલમાં જે સામાન્ય સુધારા વધારા કરવામાં આવેલ છે તેની સમજ આ સાથેની માર્ગદર્શક સૂચનાઓના આધારે મેળવવાની રહેશે. વર્ષ:૨૦૧૯-૨૦નુ શૈક્ષણિક વર્ષ શરૂ થનાર હોય તમામ આચાર્યશ્રીઓને સૂચના આપવામાં આવે છે કે વર્ષ ૨૦૧૯-૨૦માં આ સાથેના પત્રક-અ મુજબની યોજનાઓની દરખાસ્તો આ સાથેના માસવાર આયોજનના પત્રક-બ માં દર્શાવેલ સૂચનાઓ મુજબ ઓનલાઇન કરવાની રહેશે. વર્ષ ૨૦૧૯-૨૦માં આ સાથેના પત્રક મુજબની યોજના ઓફલાઇન પત્રકોના આધારે મંજૂર કરવામાં આવશે નહિ. જેની તમામ શાળાઓએ નોંધ લેવી.

શાળાઓએ ઉક્ત પોર્ટલમાં ઓનલાઇન એન્ટ્રી/દરખાસ્તો કેવી રીતે કરવી તે અંગેની તાલીમ અગાઉ આપવામાં આવેલ છે. તેમ છત્તાં ડિજિટલ ગુજરાત પોર્ટલમાં થયેલ સામાન્ય સુધારા વધારાના કારણે હવે કાર્યવાહી કેવી રીતે કરવી તે અંગેની માર્ગદર્શક સૂચનાઓ આ સાથે સામેલ છે.

તમામ શાળાઓએ અત્રેના ખાતાની આ સાથેના પત્રક-અ મુજબની યોજનાઓની યોજનાવાર દરખાસ્તો આ સાથેના માસવાર આયોજન પત્રક મુજબ ઓનલાઇન દરખાસ્તો સમયસર મોકલવાની રહેશે. **ઓનલાઇન દરખાસ્ત મોકલ્યા બાદ દરેક શાળાઓએ યોજનાવાર દરખાસ્તની નકલ કાઢી પોતાની શાળાના રેકર્ડમાં રાખવાની રહેશે જરૂર પડ્યે અત્રેની જિલ્લા કચેરીએ સદરહું દરખાસ્તની નકલ રજુ કરવાની રહેશે. રાજય સરકાર /ભારત સરકારશ્રીની પ્રિમેટ્રીક શિષ્યવૃતિ-ગણવેશ સહાય યોજનામાં તમામ ડોક્યુમેન્ટ મેળવી શાળા/સંસ્થા કક્ષાએ રાખવાના રહેશે.**

**શાળાએ ઓનલાઇન દરખાસ્ત કરવા માટે ધ્યાનમાં રાખવાના મુદ્દા:**

૧. ઓનલાઇન દરખાસ્ત https://www.digitalgujarat.gov.inમારફત કરવાની રહેશે.

૨. તમામ શાળાઓને ગત વર્ષમાં શિષ્યવૃતિની કામગીરી માટે ઉક્ત પોર્ટલના ID/Password આપવામાં આવેલ જ છે જેની મદદથી શિષ્યવૃતિની ઓનલાઇન કામગીરી કરવાની રહેશે. જો કોઇ શાળા પોતાનો પાસવર્ડ યાદ ન હોય તો તેવી શાળાઓએ "Forget Password" Option ના આધારે નવો પાસવર્ડ મેળવી લેવાનો રહેશે. (જો કોઇ શાળા પ્રથમ વખત જ લોગીન કરતા હોય તો તેના માટે શાળાનો DISE Code તેઓનો યુઝર આઇ.ડી રહેશે અનેBy Default પાસવર્ડAbcd@123 રહેશે જે પ્રથમ વખતના લોગીન માટે રહેશે ત્યારબાદ શાળાએ લોગીન થયેથી પાસવર્ડ બદલવાનો રહેશે.)

૩. જે શાળાઓએ આજ દિન સુધી પોર્ટલમાં લોગીન કરેલ ન હોય તે પ્રત્યેક શાળા/સંસ્થાએ દિન-૨માં ડિજિટલ ગુજરાત પોર્ટલમાં પોતાના યુઝર આઇ.ડી./પાસવર્ડથી પ્રથમ વખત લોગીન કરી લેવાનુ રહેશે.

**૪. ડીઝીટલ ગુજરાત પોર્ટલ પર ફકત સરકારી /અનુદાનિત પ્રાથમિક/માધ્યમિક શાળાઓ અને અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળાઓએ જ દરખાસ્ત કરવાની રહેશે.**

૫. શાળાઓએ પોતાની શાળાના વિકસતી જાતિના વિદ્યાર્થીઓની નવી એન્ટ્રી/જુની એન્ટ્રીની ખરાઇ આ સાથેના માસવાર આયોજન પત્રક મુજબ પૂર્ણ કરવાની રહેશે. **(સિસ્ટમ દ્રારા ગત વર્ષના તમામ વિદ્યાર્થીઓની એન્ટ્રી એક ધોરણ UP કરી વર્ષ ૨૦૧૯-૨૦ માટે ઓટોમેટીક મૂકવામાં આવનાર છે. જેથી શાળા/સંસ્થાઓએ ગત વર્ષના વિદ્યાર્થીઓની એન્ટ્રી ફરી કરવાની રહેતી નથી માત્ર ને માત્ર વિદ્યાર્થીઓની એન્ટ્રીની ખરાઇ કરવાની રહે છે. એટલે કે જો કોઇ વિદ્યાર્થીની માહિતી ગત વર્ષે ક્ષતિ વાળી એન્ટર થઇ ગયેલ હોય તો તેને સુધારી લેવાની રહેશે.જો કોઇ વિદ્યાર્થી શાળા છોડી અન્ય શાળામાં ગયેલ હોય તો તેવા વિદ્યાર્થીની એન્ટ્રી ફરજિયાત Delete કરવાની રહેશે.**

૬. વિદ્યાર્થીઓની એન્ટ્રી એક વખત કરવાની હોય વિદ્યાર્થીઓની તમામ મરજીયાત અને ફરજીયાત વિગતો અવશ્ય નાખવામાં આવે તે વધુ હિતાવહ છે કારણકે આવતા વર્ષે ફરીથી આ